Extra No. 322

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **TUESDAY, OCTOBER 28, 2025 / KARTIKA 6, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી ઓક્ટોબર, ૨૦૨૫

ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-જામનગર-મ.ન.પા-વારાફરતી-ફાળવણી-આદેશ-યુનીટ-૭/૨૦૨૫

જામનગર જિલ્લાની જામનગર મહાનગરપાલિકાની અનામત બેઠકોની વારાફરતી ફાળવણી અંગેનો આદેશ-૨૦૨૫.

વંચાણમાં લીધા:

(૧) રાજ્ય ચૂંટણ આયોગનો આખરી આદેશ ક્રમાંક: રાચઆ-સમક-જામનગર-મ.ન.પા. વારાફરતી-આદેશ-યુનિટ-૬-૨૦૨૦, તા.૦૯-૦૯-૨૦૨૦

(૨) રાજ્ય ચૂંટણી આયોગનો આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-મ.ન.પા.વારાફરતી-સ્થા.સ્વ/૧૩૯(૨)/૦૭૨૦૨૦, તા.૨૪/૦૭/૨૦૨૦.

(૩) મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી (સુધારા)) નિયમો-૨૦૧૦

(૪) ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (Gujarat Act No. 17 of 2023).

(૫) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: KV-347 of 2024/UDUHD/MSM/e-file/18/2024/4680/P, તા.૨૫/૦૯/૨૦૨૪

આદેશ

ભારતના બંધારણના અનુચ્છેદ 243 K અને 243-ZA ની જોગવાઈ મુજબ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની તમામ ચૂંટણીઓ માટે મતદારયાદી તૈયાર કરવા અને તેના ઉપર દેખરેખ, માર્ગદર્શન તથા નિયંત્રણ અને ચૂંટણી સંચાલનની કામગીરી રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થયેલ છે.

મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૪૯ની કલપ-૫ ની જોગવાઈ મુજબ સને ૨૦૧૧ની વસતિગણતરી મુજબ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ તરફથી જામનગર જિલ્લાની જામનગર મહાનગરપાલિકાની વોર્ડ સંખ્યા (અનામત બેઠકો સહિત) નક્કી કરેલ તે આધારે તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ ૧૯૪૯ની કલમ ૫ ની પેટા કલમ ૩(ખ) અને ૪ અને મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) બાબતના નિયમો ૧૯૯૪ હેઠળની જોગવાઈ તથા રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-માપદંડ-ન.પ.જન.૧-૧૨૨૦૧૪-ક તા.૧૧-૧૨-૧૪ અને આયોગના આદેશ ક્રમાંક:રાચઆ-ચટણ-સમક-સ્થા.સ્વ.૧૩૯(૧)-૧૨૦૧૫-ક, તા. ૦૨-૦૨-૨૦૧૫ની તથા આયોગના વંચાણ(૨) વાળા આદેશની સૂચનાઓને ધ્યાને લઈ વંચાણ (૧) વાળા તા. ૦૯/૦૯/૨૦૨૦ના આખરી આદેશથી વોર્ડ રચના કરી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગ તથા આ વર્ગોની સ્ત્રીઓ માટે અનામત બેઠકો તથા સામાન્ય વર્ગની સ્ત્રીઓ માટેની અનામત તથા બિનઅનામત સામાન્ય બેઠકોની ફાળવણી કરવામાં આવેલ છે. જે આધારે વર્ષ-૨૦૨૧માં જામનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજવામાં આવેલ.

વંચાણે લીધેલ (૪) ના ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સન ૨૦૨૩નો ગુજરાત અધિનિયમ ક્રમાંક-૧૭), તા.૨૯/૦૯/૨૦૨૩ થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પછાતવર્ગોની બેઠકોની અનામતની ટકાવારીમાં સુધારો કરી ૨૭ ટકા બેઠકો પછાતવર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા વંચાણે લીધેલ (૫) ના તા.૨૫/૦૯/૨૦૨૫ના જાહેરનામાથી જામનગર મહાનગરપાલિકા માટે ૧૬ વોર્ડ અને ૨૪ બેઠકો નિર્ધારીત કરવામાં આવેલ છે. જે પૈકી અનુસૂચિત જાતિની ૦૪ બેઠકો પૈકી ૦૨ બેઠકો અનુસૂચિત જાતિ સ્ત્રીઓ માટે અનામત, અનુસૂચિત આદિજાતિની ૦૧ બેઠક પૈકી ૦૦ બેઠક અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓ માટે અનામત અને પછાતવર્ગની ૧૭ બેઠકો પૈકી ૦૮ બેઠકો પછાતવર્ગ સ્ત્રીઓ માટે અનામત રાખવામાં આવેલ છે.

વંચાણ લીધેલ આમુખ (૩) ના સુધારા નિયમોથી છેલ્લી સામાન્ય ચૂંટણીની તારીખથી દર પાંચ વર્ષે મહાનગરપાલિકાઓના વોર્ડની બેઠકોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ તથા સ્ત્રીઓ માટેની અનામત બેઠકોની ફાળવણી એક પછીની બીજી સામાન્ય ચૂંટણીમાં વારાફરતી (રોટેશન) કરી બેઠકોની ફાળવણી કરવા જોગવાઈ કરવામાં આવેલ છે. જામનગર મહાનગરપાલિકાની છેલ્લી સામાન્ય ચૂંટણી વર્ષ ૨૦૨૧માં યોજવામાં આવેલ હતી.

રાજ્ય ચૂંટણી આયોગના વંચાણ (૧) વાળા, તા.૦૯/૦૯/૨૦૨૦ના આદેશમાં ભારતના બંધારણના અનુચ્છેદ 243-ZA, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૪૯ તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન(શહેરમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી (સુધારા) બાબતના નિયમો-૨૦૧૦ની જોગવાઈ તથા રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-માપદંડ-ન.પ.જ.ન-૧-૧૨૨૦૧૪-ક, તા.૧૧-૧૨-૨૦૧૪ તથા આદેશ ક્રમાંક:રાચઆ-ચટણ-સમક-સ્થા.સ્વ.૧૩૯(૧)-૧૨૦૧૫-ક, તા. ૦૨-૦૨-૨૦૧૫ની સૂચનાઓ ધ્યાને લઈ આ સાથેની 'અનુસૂચિ-૨" માં જણાવ્યા પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગો (આ વર્ગોની સ્ત્રીઓ માટે અનામત રાખેલ બેઠકો સહિત) તથા સ્ત્રીઓ માટેની અનામત બેઠકો તથા બિનઅનામત સામાન્ય બેઠકોની વારાફરતી ફાળવણી નક્કી કરવામાં આવે છે અને હવે પછી યોજાનાર જામનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે બેઠકો ફાળવવા રાજ્ય ચૂંટણી આયોગ આદેશ કરે છે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જિ. ગોહિલ,

સચિવ.

અનુસૂચિ-૨

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ રાચઆ-ચટણ-સમક-જામનગર-મ.ન.પા-વારાફરતી-ફાળવણી-આદેશ-યુનીટ.૦૭/૨૦૨૫, તા. ૨૮/૧૦/૨૦૨૫નું બિડાણ.

જામનગર મહાનગરપાલિકાની સને-૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૫,૮૭,૩૫૦
કુલ વોર્ડની સંખ્યા	૧૬

વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૩૬,૭૦૯	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ :	૪૦,૩૮૦
		સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ :	૩૩,૦૩૮
બેઠકોની સંખ્યા	૬૪		
કુલ સ્ત્રી બેઠકો	૩૨		
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૦૪	તે પૈકી ૦૨ બેઠકો અનુસૂચિત જાતિ સ્ત્રીઓ માટે અનામત	
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૦૧	તે પૈકી ૦૦ બેઠકો અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓ માટે અનામત	
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૧૭	તે પૈકી ૦૮ બેઠકો પછાતવર્ગ સ્ત્રીઓ માટે અનામત	
કુલ અનામત બેઠકો	૪૪		
સામાન્ય બેઠકો	૨૦		

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બિનઅનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બિન અનામત
૧	૧	૩૬૩૪૨	સામાન્ય	સામાન્ય	પછાત વર્ગ	સામાન્ય
૨	૨	૩૪૦૮૨	અનુસૂચિત જાતિ	સામાન્ય	પછાત વર્ગ	સામાન્ય
૩	૩	૩૩૭૮૬	પછાત વર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૪	૪	૩૬૦૬૨	પછાત વર્ગ	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૫	૫	૩૬૧૦૮	સામાન્ય	સામાન્ય	પછાત વર્ગ	સામાન્ય
૬	૬	૩૧૪૨૩	સામાન્ય	સામાન્ય	પછાત વર્ગ	સામાન્ય
૭	૭	૪૦૦૭૩	અનુસૂચિત જાતિ	સામાન્ય	પછાત વર્ગ	સામાન્ય
૮	૮	૪૧૦૩૮	સામાન્ય	સામાન્ય	પછાત વર્ગ	સામાન્ય
૯	૯	૩૧૬૦૯	પછાત વર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૦	૧૦	૩૭૪૬૧	પછાત વર્ગ	સામાન્ય	પછાત વર્ગ	સામાન્ય
૧૧	૧૧	૩૯૫૧૪	પછાત વર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૧૨	૧૨	૪૩૩૮૪	સામાન્ય	સામાન્ય	પછાત વર્ગ	સામાન્ય
૧૩	૧૩	૩૬૪૯૪	પછાત વર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૪	૧૪	૩૪૬૨૮	પછાત વર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૫	૧૫	૩૮૪૦૬	પછાત વર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૬	૧૬	૩૬૯૪૦	સામાન્ય	સામાન્ય	પછાત વર્ગ	સામાન્ય
કુલ		**૫૮૭૩૫૦**				

આર. જિ. ગોહિલ,

સચિવ.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2025.11.04 18:39:25 IST